A Summary

of The Thesis To Be Submitted for

Ph.D Degree In Gujarati

**at The Maharaja Sayajirao University of Baroda, Vadodara**

*** Title ***

# “A Critical study of Dalpat chauhan’s Contribution To Gujarati Dalit Literature”

**“ગુજરાતી દલિત સાહિત્યમાં દલપત ચૌહાણના યોગદાનનો સમીક્ષાત્મક અભ્યાસ”**

**Presented By**
Parmar Rajendrabhai Naginbhai

**Under the Guidance of**
Dr.Bharat Mehta
Professor,
Department of Gujarati
Faculty of Arts

Department of Gujarati
Faculty of Arts
The Maharaja SayajiraoUniversity of Baroda
Vadodara

**June,2022**

મારા શોધનિબંધનો વિષય છે"ગુજરાતી દલિત સાહિત્યમાં દલપત ચૌહાણના યોગદાનનો સમીક્ષાત્મક અભ્યાસ"પ્રસ્તુત શોધનિબંધને સુનિયોજીત અને સચોટ બનાવવા તથા તેના પ્રત્યેક પાસાને યોગ્ય ન્યાય મળી રહે એ હેતુથી નવ પ્રકરણમાં વિભાજીત કરેલ છે.

## પ્રકરણ:૧-ગુજરાતી દલિત સાહિત્યની ગતિવિધિ

પ્રસ્તુત પ્રકરણમાં ગુજરાતી દલિત સાહિત્યની ગતિવિધિનો અભ્યાસ રજુ કરવામાં આવ્યો છે.આધુનિક ભારતીય સાહિત્યમાં દલિત સાહિત્યનું સ્થાન આગવું છે.સમાજમાં જે જાતિના લોકોને અસ્પૃશ્ય ગણવામાં આવતા હતા એમના દ્વારા સાહિત્યિક રચનાઓ આઝાદી પછી સંવિધાન લાગુ થતા મળી.આ પ્રકરણમાં દલિત સાહિત્ય એવા નામકરણ હેઠળ દલિત સમાજજીવનની સંવેદનાઓ આલેખાવા લાગી એ પૂર્વે આંદોલનરુપે તે કઇ રીતે અસ્તિત્વમાં આવ્યું એની પાછળના સામાજિક,આર્થિક રાજકીય પરિબળોની ચર્ચા કરવામાં આવી છે.સૌપ્રથમ મરાઠી ભાષામાં દલિત સાહિત્યની શરુઆત થઇ.એ પછી આ પ્રવાહ ભારતની વિવિધ પ્રાદેશિક ભાષાઓમાં પહોચ્યો.ગુજરાતી ભાષામાં આ પ્રવાહ નિર્માણની શરુઆત મરાઠી દલિત સાહિત્યના સંપર્કથી થયો એમ કહી શકીએ તેમ છતાં કેટલાક પ્રાદેશિક કારણો પણ આ સાહિત્યના નિર્માણ પાછળ જવાબદાર છે એમ ચોક્કસપણે કહી શકીએ.આ કારણોનો અભ્યાસ અહી કરવામાં આવ્યો છે.

## પ્રકરણ:૨-દલપત ચૌહાણ વ્યક્તિત્વ અને સાહિત્ય પરિચય

આ પ્રકરણમાં ગુજરાતી દલિત સાહિત્યનાં પ્રારંભથી જ જેમનું મહત્વનું અને વધારે યોગદાન છે એવા દલિત સર્જક દલપત ચૌહાણનાં જીવન ઘડતર અને સાહિત્યને ઘડનારા પરિબળોનો અભ્યાસ રજુ કરવામાં આવ્યો છે.

## પ્રકરણ : ૩ -કવિ દલપત ચૌહાણ

આ પ્રકરણમાં ગુજરાતી દલિત સાહિત્યમાં કવિતા ક્ષેત્રે દલપત ચૌહાણના યોગદાનનો અભ્યાસ રજુ કરવામાં આવ્યો છે.તેમની પાસેથી'તો પછી'અને'ક્યાં છે સૂરજ'એમ બે કાવ્યસંગ્રહો મળે છે'તો પછી'(૧૯૮૨)માં પ્રણય અને અન્ય,ઈતિહાસ અત્યાચાર,ગીત અને ગઝલ એમ ચાર વિભાગમાં તેમની રચનાઓ વહેચાયેલી છે.આ રચનાઓનો પ્રધાન સૂર પ્રણય વૈફલ્ય,વર્તમાન જીવન સંદર્ભ,શોષણ વગેરે અંગેની તીવ્ર સંવેદનાનો છે.પહેલા વિભાગમાં આપણને વિષય વૈવિધ્ય જોવા મળે છે પણ એનો મુખ્ય વિષય પ્રણય છે.પ્રણય પ્રેમના વિવિધ પાસા પ્રિયતમા પ્રેમ,શિશુવાત્સલ્ય,દાંપત્ય પ્રેમ એમ પ્રેમના વિવિધ સ્વરૂપો અહી નિરૂપાયેલા જોવા મળે છે.'તારો ચેહરો,''યાદ','શંકા','આદમ અને ઈવ','તું અને હું','પ્રિયને સંબોધન'તેમજ'પ્રિયે'માં પ્રણયાનુભૂતિને સુપેરે અભિવ્યક્તિ સાંપડી છે.'હું અને આકડાનું ફૂલ'રચનામાં સાસરે ગયેલી નવવધૂની મનઃસ્થિતિને વાચા સાંપડી છે.'વિદાય'કાવ્યમાં શિશુ- મરણની કરુણ અભિવ્યક્તિ ઉત્કટતા છતા લાઘવપૂર્વક થઈ છે.

## પ્રકરણ : ૪ -નવલકથાકાર દલપત ચૌહાણ

ગુજરાતી દલિત કથાસાહિત્યક્ષેત્રે દલપત ચૌહાણનું આગવું યોગદાન રહેલું છે.તેમની પાસેથી 'મલક','ગીધ','ભળભાંખળું'અને'રાશવા સૂરજ'એમ ચાર નવલકથાઓ મળે છે.'મલક'તેમની પ્રથમ અને નવલકથાકાર તરીકે પ્રસ્થાપિત કરતી લઘુનવલકથા છે.નવલકથાનું કથાવસ્તુ સોળ પ્રકરણોમાં વિભાજીત છે.જેમાં કેન્દ્રસ્થાને આઝાદી પૂર્વેના ગામડામાં વસતો દલિત વણકર સમાજ છે.અહી નાયક તરીકે આખો વણકર સમાજ છે.લેખકને કોઈ એક દલિત પાત્રની સંવેદનાઓને પણ આખા દલિતસમાજની વેદનાને રજૂ કરવી છે.તેથી નવલકથામાં તેમણે કોઈ એક પાત્રને કેન્દ્રસ્થાને નથી મુકયું.ચૌધરી ગોકળ હોમળના ખેતરમાં સાથી તરીકે કામ કરતો

વણકર ભગો અને હોમળની પુત્રવધૂ વચ્ચે સંબંધ બંધાય છે. સંતોકનો પતિ નમાલો-નપુંસક છે.ભગા-સંતોકના દેહસંબંધથી સતોકને પુત્ર જન્મે છે.દાયણ ફતામાં કહે છે કે બાળક તો તદન ભગલા જેવુ છે.જે વાત આખા ગામમાં પ્રસરે છે.ગામના યુવાનો ગામની અને જાતની આબરૂ સાચવવા દલિતોને'બાવનિયા'માં નાખવાની જાહેરાત કરે છે.આભડછેટ-સ્વમાન જાળવવા, દલિતોને ગામમાંથી ભગાડી મુકે છે.એક યા બીજો પ્રશ્ને દલિતોને ઘણું વેઠવું પડતું હોય છે એમ અહી ભગાના વર્તણુકને લીધે દલિતોને હિજરત કરવાની ફરજ પડે છે.હિજરત કરી રહેલા દલિત પાત્રોની આપવીતી એક પછી એક લેખક આપણી સમક્ષ પ્રકટ કરતા જાય છે.આ માટે લેખકે એક જ રાતનો સમયગાળો નવલકથામાં રજૂ કર્યો છે.વિષયવસ્તુ અને અભિવ્યક્તિની દ્રષ્ટિએ મલક દલિત જીવનના હિજરતીઓના મનહૃદયની સંવેદના આલેખતી વણકર જ્ઞાતિના સામાજિક જીવનનું તાદ્રશ્ય ચિત્રણ થયેલુ અહી જોવા માળે છે.

## પ્રકરણ : ૫ -વાર્તાકાર દલપત ચૌહાણ

આ પ્રકરણમાં વાર્તાકર તરીકે દલપત ચૌહાણનો સમગ્રલક્ષી અભ્યાસ કરવામાં આવ્યો છે.તેમની પાસેથી વાર્તાઓ ઘણા સમયથી મળે છે પણ વાર્તાસંગ્રહરુપે એમની વાર્તાઓ લાંબા અંતરાલ બાદ મળે છે.દલપત ચૌહાણ પાસેથી ત્રણ વાર્તાસંગ્રહો મળે છે.'મૂંઝારો','ડર'અને'ભેલાણ'.આ ઉપરાંત હાલ પણ તેમની પાસેથી અંગ્રથસ્થ વાર્તાઓ મળે છે જે વિવિધ સામયિકોમાં છપાતી રહી છે.વાર્તાકાર તરીકે તેઓ દલિતચેતનાના આલેખન પરત્વે પ્રતિબદ્ધ રહ્યા છે એની પ્રતીતિ એમની સમગ્ર વાર્તાઓમાંથી પસાર થતા થાય છે.

## પ્રકરણ : ૬-નાટયકાર દલપત ચૌહાણ

દલપત ચૌહાણ પાસેથી આપણને એક નાટયસંગ્રહ'અનાર્યાવર્ત'અને એકાંકીસંગ્રહ'હરીફાઇ'મળે છે. 'અનાર્યાવર્ત'માં ત્રણ નાટકો સંગ્રહિત છે.'અનાર્યાવર્ત','અંતિમ ધ્યેય'અને માયાની દંતકથા પર આધારિત'પાટણને ગોંદરે'નો સમાવેશ થાય છે.'અનાર્યાવર્ત'નું નાટયબીજ મહાભારતમાંથી લેવામાં આવ્યુ છે.પણ એમાંનાં પાત્રોના વિચાર અને વર્તન લેખકે પોતાના સમયના નિરૂપ્યા છે.અનાર્યોએ આર્યોની જેમ પોતાનું એક અનાર્યાવર્ત સર્જવાનો-સ્થાપવાનો મક્કમ નિર્ધાર કર્યો છે.તો બીજી બાજુ આર્યોને કુરુવંશ આગળ વધારવા કુલદીપકની જરૂર છે.અનાર્યોનો નાયક કૃષ્ણદ્વૈપાયન એકબાજુ અનાર્યોને અનાર્યાવર્ત સ્થાપવાની પ્રતિજ્ઞા આપી ચુક્યો છે.તો બીજી બાજુ તેની માતા સત્યવતીના કહેવાથી આર્યોને મદદ કરવી, કે ન કરવીની મૂંઝવણમાં રાજકીય ખટપટોનો ભોગ બને છે.'અનાર્યાવર્ત'ત્રિઅંકી નાટક છે.આર્યાવર્તની એકતા સ્થાપવા મથતા ભીષ્મની સામે અનાર્યાવર્તનું સ્વપ્ન સેવનાર સત્યવતીના પુત્ર કૃષ્ણ દ્વૈપાયનને વિદ્રોહી તરીકે લેખક રજૂ કરે છે.'અંતિમ ધ્યેય' દ્વિઅંકી નાટક છે.આર્યોના અરાધ્ય અને પ્રિય એવા કૃષ્ણને લેખકે અનાર્યો-દલિતોની દષ્ટિથી નિરૂપવાનો પ્રયત્ન કર્યો છે.અહી કૃષ્ણનું નવુ જ અર્થઘટન મળે છે.ભૂતકાળમાં કૃષ્ણને જે રીતે ચિત્રિત કરવામાં આવ્યો છે.તેનાથી વિપરીત દષ્ટિથી તેના વ્યક્તિત્વથી પ્રભાવિત થયા વિના નાટયકાર તટસ્થતાપૂર્વક અહી કૃષ્ણને લઈ આવતા જોવા મળે છે.કૃષ્ણ પ્રત્યેના અનાર્યના આક્રોશને અહી વાચા અપાઈ છે.યુધ્ધમાં છળકપટથી અનાર્ય એકલવ્યનો વધ કરનાર કૃષ્ણને તેની જ રીતથી તેનો સર્વનાશ કરવાને'અંતિમધ્યેય'એકલવ્યપુત્ર જર અને પુત્રી યાકુ કરે છે. દલપત ચૌહાણ આ માટે ઈતિહાસમાં જેનો ઉલ્લેખ નથી એવા કલ્પિત પાત્રોને આ'અંતિમ ધ્યેય'ની પ્રાપ્તિ માટે આલેખતા જોવા મળે છે.જેમાં એકલવ્યના પિતા હિરણ્યધનું અને એકલવ્ય પુત્ર જર અને પુત્રી યાકુનો સમાવેશ થાય છે.એકલવ્ય યુધ્ધપ્રેમી નહી પણ શાંતિપ્રિય હતો અને તેથી જ દ્રોણ છળકપટથી ગુરૂ-દક્ષિણામાં ડાબા હાથનો અંગુઠો માંગી લે છે.આર્યોના પક્ષપાતી અને અન્યાયી વલણોએ અનાર્યોને હથિયાર ઉઠાવવા મજબૂર કર્યા અને એમાં પણ છળકપટથી વેર લેનાર કૃષ્ણ હત્યાથી યુગોનો વૈરાગ્નિ શાંત કરવાનો પ્રયત્ન અનાર્યો દ્વારા થયેલો જોવા મળે છે.'પાટણને ગોંદરે'નાટક દલિતોના ઉદ્ધારક ગણાતા વીર માયાના જીવનની દંતકથા પર આધારિત છે.ત્રણ અંક અને સાત દ્રશ્યમાં વહેચાયેલ આ નાટકમાં નાટયકારે દંતકથા આધારિત

સામગ્રીની સાથે સાથે પોતીકી ઘટનાઓ અને પાત્રસૃષ્ટિ ઉભી કરીને દલિત વર્ણ,સમાજ સાથે બિનદલિતો દ્વારા થતા વર્ણભેદ,આભડછેટ,શોષણ,અત્યાચારોના પ્રશ્નો વણી લઈ દલિતોમાં જાગી ઉઠેલી અસ્તિત્વ-સ્વમાનની ભાવનાને સંવેદનાઓને યોગ્ય રીતે રજૂ કરી આપે છે.નાટકમાં પાત્રો વચ્ચે ચાલતા સંવાદો નાટકને જીવંતરૂપ આપે છે.

## પ્રકરણ : ૭ – વિવેચક દલપત ચૌહાણ

દલપત ચૌહાણ પાસેથી ત્રણ વિવેચનલેખોનાં સંગ્રહ મળે છે.'પદચિહ્ન','સમર્થન'અને'શબ્દભેદ'આ ત્રણે સંગ્રહોમાં તેમણે જુદી જુદી જગ્યાએ યોજાયેલ સેમિનાર તેમજ પુસ્તકની પ્રસ્તાવના લેખે લખી આપેલ લેખો સમાવિષ્ટ કરવામાં આવ્યા છે.'પદચિહ્ન'માં ઓગણીસ જેટલા લેખોનો સમાવેશ થાય છે.

## પ્રકરણ : ૮– દલપત ચૌહાણનુ પ્રકીર્ણ સાહિત્ય

કવિતા,વાર્તા,નવલકથાની જેમ તેમની પાસેથી કેટલુંક પ્રકીર્ણ સાહિત્ય પણ મળે છે જેનો અભ્યાસ આ પ્રકરણમાં કરવામાં આવ્યો છે. જેમાં સંશોધન-સંપાદનનો સમાવેશ થાય છે.તેમની પાસેથી ગુજરાતી દલિત ટૂંકી વાર્તાનું સંપાદન'ગુજરાતી દલિત ટૂંકીવાર્તાઓ'(૨૦૦૯)અને'વણબોટી વારતાઓ'ના નામે મળે છે.તો દલિત કવિતાનું સંપાદન અન્ય સાથે મળીને કર્યુ છે.જેમાં'દુંદુભિ'(૨૦૦૧)અને 'શબ્દે બાંધ્યો સૂરજ' (૨૦૧૧)નો સમાવેશ થાય છે.તો દલિત સાહિત્યના ઈતિહાસની એક કેડી કંડારી આપવાનો પ્રયત્ન કરતું દલિત સાહિત્યનાં ઈતિહાસનું પુસ્તક'દલિત સાહિત્યની કેડીએ'તેમની પાસેથી મળે છે.તેમના આ ઈતિહાસના પુસ્તકને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા'શ્રેષ્ઠ સાહિત્ય પુસ્તક પુરસ્કાર'(૨૦૦૮)પણ મળ્યો છે.તેમની પાસેથી ઉત્તર ગુજરાતના દોતર પરગાણાના દલિત પછાતોના શબ્દોનું સંકલન'તળની બોલી'ના નામે(શબ્દકોશ)મળે છે.જે તેમનું દલિત સાહિત્યને વિશિષ્ટ પ્રદાન છે.આ ઉપરાંત દલિત સાહિત્ય સાગમટે અન્ય સાથે'સ્વકીય'(૨૦૧૨)પુસ્તક પણ તેમની પાસેથી મળે છે.

## પ્રકરણ : ૯ : ઉપસંહાર

આ પ્રકરણમાં દલિત સર્જક તરીકે તેમની વિશેષતાઓ અને મર્યાદાઓનો સમગ્રલક્ષી અભ્યાસ કરવામાં આવ્યો છે.ગુજરાતી સાહિત્યમાં દલિત સાહિત્યની ઓળખ પ્રસ્થાપિત કરવા માટે આંદોલન કરનાર અને એ માટે અવાજ ઉઠાવનારા દલિત સર્જકોમાં તેમનું પ્રદાન પ્રથમ હરોળનું છે.તેમના આ ઐતિહાસિક પ્રદાનની નોંધ લેવી જ પડે.દલિત સાહિત્ય પ્રત્યે તેઓ પ્રતિબદ્ધ છે.ગુજરાતી દલિત સાહિત્યમાં તેમનો પ્રવેશ કવિતા રચનાથી થાય છે તેમની કવિતામાં તેમણે પોતે અનુભવેલી પીડા શબ્દરુપ પામી છે.અનુભવની સચ્ચાઈનો અવાજ તેમની કવિતામાં સંભળાય છે.ગુજરાતી દલિત નવલકથાક્ષેત્રે તેમનું મહત્વનું પ્રદાન છે.તેમની નવલકથાઓમાં ઉત્તર ગુજરાતની તળપદ બોલીનો ભરપુર ઉપયોગ થયો છે.તેમની નવલકથાઓમાં આઝાદી પૂર્વેના દલિત સમાજનું આલેખન થયેલું છે.એમની ચારેય નવલકથાઓમાંથી પસાર થતા નવલકથાના સર્જક તરીકેનો એમનો ગ્રાફ સતત ઊંચો ચઢેલો જોઈ શકાય છે.ગુજરાતી દલિત વાર્તાક્ષેત્રે પણ એમનું નોંધનીય યોગદાન રહેલું છે.ગુજરાતી દલિત વાર્તામાં જેની નોંધ લેવી જ પડે એવી કેટલીક

વાર્તાઓ આપણને તેમની પાસેથી મળે છે.દલિતચેતનાના આલેખનની સાથે વાર્તાકળાને પણ તેઓ વફાદાર રહ્યા છે.આમ આ પ્રકરણમાં દલિત સર્જક તરીકે તેમના મહત્વના યોગદાનને મુલવવામાં આવ્યુ છે.